# મેઘાલયનો એક શખ્સ એકી સાથે દસ કિલો મરચા ખાઈ શકે છે!





**લાલ** મરચાના પાવડરથી પોતાના ગુપ્તાંગ પણ ધોય છે

મેઘાલયના ગાઢ જંગલો અને ટેકરીઓમાંથી એક અદ્ભુત વાર્તા બહાર આવી છે, જેણે સોશિયલ મીડિયા પર સૌનું ધ્યાન ખેંચ્યું છે. પૂર્વ જેંતિયા હિલ્સ જિલ્લાના બાટાવ ગામના એક સીધા સાદા ખેડૂત રામ પીર્તુહને તેમની અસાધારણ ક્ષમતાઓ માટે વિશ્વભરમાં ખ્યાતિ મળી છે.

રામનો એક જૂનો વિડીયો હાલમાં વાયરલ થયો છે જેમાં તે એક જ બેઠકમાં 10 કિલોગ્રામથી વધુ ગરમ સૂકા મરચાં ખાતા જોવા મળ્યો છે અને તે એક પણ આંસુ કે પરસેવો પાડ્યા વિના. વાયરલ પોસ્ટ્સમાં દાવો કરવામાં આવ્યો છે કે રામ કોઈ પ્રતિક્રિયા દર્શાવ્યા વિના લાલ મરચાના પાવડરથી પોતાના ગુપ્તાંગ પણ ધોવે છે. જ્યારે આ દાવાઓ વ્યાપકપણે ફેલાયા છે, ત્યારે તેમને સમર્થન આપવા માટે કોઈ ચકાસાયેલ પુરાવા નથી. તે સ્પષ્ટ નથી કે આ વાસ્તવિક વાર્તા છે કે ફક્ત એક અફવા. રામ પિર્તુહની અસામાન્ય પ્રતિભાને 2021 માં પ્રસિદ્ધિ મળી જ્યારે એક સ્થાનિક વિડિઓમાં તેને મરચાંની થેલીઓ ખાતા દર્શાવવામાં આવ્યો હતો. 50ના દાયકાની વયના ખેડૂત એવા રામે કહ્યું, મરચાં મારા જીવનનો એક ભાગ છે. હું બાળપણથી જ તેને ખાઉં છું, અને હવે મને તે તીખું લાગતું નથી. જ્યારે તેની આઘાતજનક ક્ષમતા જાણીતી થઈ, ત્યારે ઘણા લોકોએ તેની કસોટી કરવાનું શરૂ કર્યું. એક શો દરમિયાન, તેને મરચાંની પેસ્ટથી નવડાવવામાં આવ્યો, અને તેના ગુપ્ત ભાગોની આસપાસ મરચાં પણ લગાવવામાં આવ્યા. આશ્ચર્યજનક રીતે, તેને કોઈ અગવડતા ન પડી.

# યુદ્ધ અટકાવવાના દાવાઓમાં છબરડા: ટ્રમ્પની ભારે ઠેકડી ઉડી



**એક** ઇન્ટરવ્યુમાં ટ્રમ્પ આર્મેનિયાને બદલે આલ્બાનિયા બોલ્યા તે બાબતે યુરોપિયન પોલિટિકલ કોમ્યુનિટીની બેઠકમાં મજાકો થઇ

કોપનહેગન, તા. ૩: હાલમાં અહીં યોજાયેલ યુરોપિયન પોલિટિકલ કોમ્યુનિટીની બેઠકમાં અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની કેટલાક નેતાઓએ ભારે ઠેકડી ઉડાવી હતી. વાસ્તવમાં, ટ્રમ્પે હાલમાં એમ ઈન્ટરવ્યુમા કહ્યું હતું કે મેં યુદ્ધો અટકાવ્યા છે, જેમાં તેમણે પોતે આઝાર બૈજાન અને આલ્બાનિયા વચ્ચેનું યુદ્ધ અટકાવ્યું હોવાનો પણ દાવો કર્યો હતો, જ્યારે કે આઝારબૈજાન અને આલ્બાનિયા વચ્ચે કોઇ યુદ્ધ થયું જ નથી, પરંતુ આઝારબૈજાન અને આર્મેનિયા વચ્ચે યુદ્ધ થયું હતું, જ્યારે ટ્રમ્પ બોલવામાં છબરડો કરીને આર્મેનિયાની જગ્યાએ આલ્બાનિયા નામ બોલ્યા હતા.

આ બાબતે આઝારબૈજાનના પ્રમુખ ઈલ્હામ અલીયેવ, ફ્રેન્ચ પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન અને આલ્બાનિયાના વડાપ્રધાન એડી રામા હળવા મૂડમાં ચર્ચા કરી રહ્યા હતા ત્યારે આલ્બાનિયાના વડાપ્રધાને ફ્રેન્ચ પ્રમુખને હસતા હસતા કહ્યું હતું કે તમારે અમને અભિનંદન આપવા જોઈએ કે અમે ટ્રમ્પના કહેવાથી યુદ્ધ અટકાવી દીધું. આ સાંભળીને મેક્રોન ખડખડાટ હસી પડ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ગયા મહિને ફોક્સ ન્યૂઝને એક ઈન્ટરવ્યુ આપતા ટ્રમ્પે કહ્યું હતું કે આઝારબૈજાન અને આલ્બાનિયા વચ્ચે ઘણા વર્ષોથી યુદ્ધ ચાલી રહ્યું હતું તે રોકવામાં મેં સફળતા મેળવી. હાલમાં યુકેના વડાપ્રધાન સાથેની એક પ્રેસ કોન્ફરન્સમાં ટ્રમ્પે આઝારબૈજાનનું ઉચ્ચારણ અબેર બૈજાન તરીકે કર્યું હતું.

## પેજ 3

### સેલ્ફી લેવા આવેલી યુવતીની હેમા માલિનીએ ઉપેક્ષા કરી



લખનઉ, તા. 3: પીઢ અભિનેત્રી અને ભાજપના સાંસદ હેમા માલિનીએ તાજેતરમાં ઉત્તર પ્રદેશમાં એક નવરાત્રી કાર્યક્રમમાં હાજરી આપી હતી. જોકે, એક ચાહક જ્યારે તેમની સાથે સેલ્ફી લેવાનો પ્રયાસ કરી રહી હતી તે સમયે તેને નજરઅંદાજ કરવાનો એક વીડિયો વાયરલ થયા બાદ તેમની હાજરીએ વિવાદ ઉભો કર્યો હતો. આ ઘટના સામે આવતા સોશિયલ મીડિયા પર કેટલીક ટિપ્પણીઓ આવી હતી, કેટલાક નેટીઝન્સે તેમને ઘમંડી ગણાવ્યા છે અને તેમની સરખામણી સાથી પીઢ અભિનેત્રી જયા બચ્ચન સાથે કરી હતી. ચાહક દ્વારા શેર કરાયેલા વાયરલ વીડિયોમાં, હેમા માલિની આ કાર્યક્રમમાં ગેસ્ટ ઓફ ઓનર તરીકે હાજરી આપી રહી છે. મહિલાએ પોતાનો ફોન પકડીને હેમા માલિનીને કેમેરામાં જોવા અને સેલ્ફી માટે સ્મિત કરવા કહ્યું. હેમાએ એક ક્ષણ માટે ફોન તરફ નજર નાખી પણ જવાબ આપ્યા વિના ઝડપથી ફરી ગઈ. પોસ્ટના ટિપ્પણી વિભાગમાં ઘણા સોશિયલ મીડિયા વપરાશકર્તાઓએ આકરી પ્રતિક્રિયા આપી. 'હેમા માલિનીને ચાહકો સાથે ફોટા પાડવાની આટલી બધી સમસ્યાઓ હોય ત્યારે તે જાહેર કાર્યક્રમોમાં જવાના આમંત્રણો કેમ સ્વીકારે છે?'

### પુત્રીને ઓનલાઇન ગેમમાં નિર્વસ્ત્ર ફોટો મોકલવા કહેવાયું હતું: અક્ષય કુમાર



મુંબઈ, તા. 3 (પીટીઆઈ): બોલિવુડ અભિનેતા અક્ષય કુમારે શુક્રવારે જણાવ્યું હતું કે તેમની કિશોરવયની પુત્રીને તેના મોબાઇલ પર ઓનલાઈન વીડીયો ગેમ રમતી વખતે તેનો નિર્વસ્ત્ર ફોટો મોકલવાનું કહેવામાં આવ્યું હતું, પરંતુ તેણે હોંશિયારી દર્શાવી અને મોબાઈલ બંધ કર્યો હતો. અક્ષયે મુંબઈમાં સાયબર સુરક્ષા જાગૃતિ કાર્યક્રમમાં મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને વરિષ્ઠ પોલીસ અધિકારીઓ સહિતના પ્રેક્ષકો સાો આ આંચકાજનક ઘટના શેર કરી હતી.



# ફ્રાંસમાં ભારે વિરોધ પ્રદર્શનો, એફિલ ટાવર બંધ કરવો પડ્યો

**પ્રદર્શનકારીઓ** નિવૃત્તિ વયમાં વધારો અને ધનિકો પર વધુ વેરો લાદવા સહિતની અન્ય માગ કરી રહ્યા છે

પેરીસ, તા. ૩: અમેરિકા પછી, શટડાઉનની અસરો હવે ફ્રાન્સમાં પણ અનુભવાઈ રહી છે. બજેટમાં કાપ મૂક્યા બાદ ટ્રેડ યુનિયનોએ દેશવ્યાપી હડતાળ શરૂ કરી હતી, જેમાં લગભગ દસ લાખ લોકોએ કૂચ કરી હતી. પ્રમુખ ઇમેન્યુઅલ મેક્રોન અને વડા પ્રધાન સેબેસ્ટિયન લેકોર્નુ પર દબાણ વધારવા માટે આરોગ્ય કર્મચારીઓ પણ કૂચમાં જોડાયા હતા, પ્રદર્શનોના કારણે એફિલ ટાવર બંધ કરવાની ફરજ પડી હતી.

બજેટમાં કાપ મૂક્યા બાદ ફ્રાન્સમાં મોટા પાયે વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા છે. દેશના લગભગ 200 શહેરોમાં લાખો વિદ્યાર્થીઓ, નાગરિકો, કર્મચારીઓ અને કાર્યકરો રસ્તા પર ઉતરી આવ્યા હતા. માર્ચ દી' ઇટાલી બાદ, સમગ્ર ફ્રાન્સમાં અશાંતિ ફેલાઈ ગઈ હતી અને ફ્રેન્ચ ગૃહ મંત્રાલયના જણાવ્યા મુજબ આશરે 1,95,000 પ્રદર્શનકારીઓ રસ્તા પર ઉતરી આવ્યા હતા. કૂચ કરનારાઓ નિવૃત્તિ વયમાં વધારો અને ધનિકો પર વધુ વેરો લાદવાની માગ કરી રહ્યા છે.

પેરિસમાં પ્રદર્શનકારીઓના મોટા ટોળાએ હંગામો મચાવ્યો હતો, બેનરો, પોસ્ટરો અને ફ્લેયર્સ લઈને અને સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા.

એફિલ ટાવર પર લખ્યું હતું કે હડતાળને કારણે ટાવર બંધ કરાયો છે, માફ કરશો. પ્રદર્શનકારીઓએ સૂત્રોચ્ચાર કર્યા હતા કે ધનિકો પર વધુ વેરો લાદો અને જાહેર સેવાઓમાં કાપ મૂકવાનું બંધ કરો. ઉપરાંત, સરકારની 44 અબજ યુરો કાપની પ્રસ્તાવિત યોજનાનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. ફ્રાન્સમાં રાષ્ટ્રવ્યાપી હડતાળમાં ઘણા મોટા યુનિયનો સામેલ છે અને તેમની માગ છે કે પાછલી સરકારના બજેટ પ્રસ્તાવો સિવાય સામાજિક કલ્યાણ યોજનાઓ બંધ કરવામાં આવે અને ખર્ચમાં ઘટાડો કરવામાં આવે.

# અમેરિકાના લોસ એન્જેલસની રિફાઈનરીમાં ધડાકા સાથે આગ



લોસ એન્જેલસ, તા. ૩: અહીં આવેલ એક ઓઈલ રિફાઇનરીમાં એક જંગી વિસ્ફોટ સાથે ભારે આગ ફાટી નિકળતા આખા શહેરમાં આઘાતના મોજાઓ ફેલાયા હતા.

શહેરના એલ સેગુન્ડો વિસ્તારમાં આવેલી શેવરોન રિફાઇનરીમાં ધડાકા સાથે લાગેલી આ આગ શહેરમાં ચાર માઈલ દૂરથી પણ જોઇ શકાતી હતી. આ વિસ્ફોટ એલએએક્સ એરપોર્ટથી નજીકના વિસ્તારમાં જ થયો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે તેમને કોઈ ઈજાના અહેવાલ મળ્યા નથી. શુક્રવારે વહેલી સવારે કોઈ સ્થળાંતર આદેશ આપવામાં આવ્યો ન હતો, પરંતુ રહેવાસીઓને ઘરની અંદર રહેવા અને તેમની બારીઓ બંધ રાખવાની સૂચના આપવામાં આવી હતી.

એલ સેગુન્ડો વસાહત LAX એરપોર્ટની દક્ષિણમાં સ્થિત છે. લોસ એન્જલસના મેયર કરેન બાસે પ્રવાસીઓને ખાતરી આપી હતી કે આંતરરાષ્ટ્રીય હબ પર 'કોઈ જાણીતી અસર' થઈ નથી. અધિકારીઓએ એમ પણ જણાવ્યું હતું કે હાલમાં કોઇ ફ્લાઇટ્સ પ્રભાવિત થઈ નથી.

# અમેરિકી સેનેટરોએ ટીસીએસને H-1B સંદર્ભમાં આકરા પ્રશ્નો પૂછ્યા

**ભારતીય** મૂળની આ કંપનીએ અમેરિકન કર્મચારીઓને છૂટા કરીને હજારો H-1B વિઝા અરજીઓ ફાઇલ કરી તે બાબતે પ્રશ્ન પૂછ્યા

**આ** કંપનીની કર્મચારીઓને ભરતી કરવાની પદ્ધતિ અને કર્મચારીઓને અપાતા પગારની વિગતો મંગાવી

નવી દિલ્હી, તા. ૩(પીટીઆઇ): અમેરિકી સેનેટરોએ ભારતની સૌથી મોટી આઈટી કંપની ટીસીએસને અમેરિકામાં કર્મચારીઓને નોકરી પર રાખવાની તેની પ્રણાલિઓ અંગેની વિગતો રજૂ કરવા જણાવ્યું છે, જેમાં તેમણે પૂછ્યું હતું કે કંપનીએ કોઇ એચ-વનબી વિઝા ધારક કામદારોની સામે કોઇ અમેરિકનોને છૂટા કર્યા છે કે કેમ? અને H-1B પર આવેલા કામદારો અને તેના સ્થાનિક સ્ટાફ વચ્ચે પગારની સમતુલા અંગે પણ પ્રશ્ન પૂછ્યો છે. ટાટા કન્સલ્ટન્સી સર્વિસીઝ(ટીસીએસ)ના સીઈઓ કે. કૃથિવાસનને તાજેતરમાં લખેલા એક પત્રમાં સેનેટ જ્યુરી કમિટિના અધ્યક્ષ ચાર્લ્સ ગ્રેઝલી અને રેન્કિંગ મેમ્બર રિચાર્ડ ડર્બિને નોંધ્યું હતું કે આ કંપનીએ વિશ્વભરમાં ૧૨૦૦૦ કર્મચારીઓને છૂટા કરવાની યોજનાની જાહેરાત કરી છે જેમાં અમેરિકન સ્ટાફનો પણ સમાવેશ થાય છે. પત્ર મુજબ, TCS એ ફક્ત જેક્સનવિલે ઓફિસમાં લગભગ પાંચ ડઝન કર્મચારીઓને છૂટા કર્યા. તમે અમેરિકન કર્મચારીઓને છૂટા કરી રહ્યા છો તે જ સમયે, તમે હજારો વિદેશી કામદારો માટે H-1B વિઝા અરજીઓ ફાઈલ કરી રહ્યા છો એમ તેણે કહ્યું હતું. પત્રમાં નાણાકીય વર્ષ 2025 ના ડેટાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, જ્યારે TCS ને 5,505 H-1B કર્મચારીઓને નોકરી પર રાખવાની મંજૂરી મળી હતી, અને નોંધ્યું હતું કે આનાથી કંપની અમેરિકામાં નવા મંજૂર થયેલા H-1B લાભાર્થીઓનો બીજો સૌથી મોટી નોકરીદાતા બની છે. બધી જ સ્વદેશી અમેરિકન પ્રતિભાઓને બાજુ પર ધકેલી દેવામાં આવી હોવાથી, અમને એ માનવું મુશ્કેલ લાગે છે કે TCS આ જગ્યાઓ ભરવા માટે લાયક અમેરિકન ટેક કામદારો શોધી શકતી નથી એમ સેનેટર ગ્રાસલી અને ડર્બિને 24 સપ્ટેમ્બર, 2025ના પત્રમાં લખ્યું હતું.

### વિજયની રેલીમાં ભાગદોડ

# મદ્રાસ હાઈકોર્ટે એસઆઈટીની રચના કરવાના આદેશ આપ્યા

**પાર્ટીના** વડા વિજય ઘટનાસ્થળ પરથી ભાગી ગયા હતા: હાઇકોર્ટની ફટકાર

**ટીવીકે** બસ નીચે ટુ-વ્હીલર ફસાઇ ગયા હતા, ડ્રાઈવર તે જોઈને પણ રોકાયો ન હતો, શું તે હિટ એન્ડ રનનો કેસ નથી

ચેન્નાઈ, તા. 3: મદ્રાસ હાઈકોર્ટની મદુરાઈ બેન્ચે કરુર ભાગદોડના સંદર્ભમાં તમિલગા વેત્રી કઝગમના (ટીવીકે) નેતાઓ પર આકરા પ્રહારો કર્યા હતા, અને અવલોકન કર્યું હતું કે પાર્ટીના વડા વિજય ઘટનાસ્થળ પરથી ભાગી ગયા હતા અને પક્ષે પસ્તાવો પણ વ્યક્ત કર્યો ન હતો. બેન્ચે ઘટનાની તપાસ માટે વરિષ્ઠ ભારતીય પોલીસ સેવા (આઈપીએસ) અધિકારી આસરા ગર્ગની આગેવાની હેઠળ એક વિશેષ તપાસ ટીમની (એસઆઈટી) રચના કરવાનો આદેશ આપ્યો હતો. કોર્ટે કહ્યું કે આ અભિનેતા-રાજકારણીની 'માનસિક સ્થિતિ' દર્શાવે છે. જસ્ટિસ સેન્થિલકુમારે નોંધ્યું હતું કે 41 લોકોના જીવ લેનારી ભાગદોડના બનાવ પર યોગ્ય કાર્યવાહી કરી ન હતી, અને ટિપ્પણી કરી હતી કે રાજ્ય સરકાર વિજય પ્રત્યે ઉદારતા દાખવી રહી છે.

# રહસ્યમય ડ્રોન દેખાતા મ્યુનિચ એરપોર્ટ અસ્થાયી રૂપે બંધ કરાયું

**યુરોપિયન** યુનિયનના સભ્ય દેશોના હવાઈ ક્ષેત્રમાં રહસ્યમય ડ્રોન ઉડતા દેખાયાનો આ તાજો મામલો

મ્યુનિચ, તા. 3 (એપી): મ્યુનિક એરપોર્ટ વિસ્તારમાં અનેક ડ્રોન દેખાતા એરપોર્ટને રાતોરાત અસ્થાયી રૂપે બંધ કરી દેવામાં આવ્યું હતું, યુરોપિયન યુનિયનના સભ્ય દેશોના હવાઈ ક્ષેત્રમાં રહસ્યમય ડ્રોન ઉડતા દેખાયાનો આ તાજો મામલો છે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

જર્મનીના એર ટ્રાફિક કંટ્રોલે ગુરુવારે રાત્રે 10 વાગ્યા પછી તરત જ એરપોર્ટ પર ફ્લાઇટ્સ પ્રતિબંધિત કરી હતી અને પછી તેને સંપૂર્ણપણે બંધ કરી દીધી હતી, એમ એરપોર્ટ ઓપરેટરોએ એક નિવેદનમાં જણાવ્યું હતું. સત્તર ફ્લાઇટ્સ ઉડાન ભરી શકી ન હતી, જેના કારણે લગભગ 3,000 મુસાફરો પ્રભાવિત થયા હતા, જ્યારે 15 આવનારી ફ્લાઇટ્સને જર્મનીના ત્રણ અન્ય એરપોર્ટ અને ઓસ્ટ્રિયાના વિયેનામાં એક એરપોર્ટ પર વાળવામાં આવી હતી.

મ્યુનિક એરપોર્ટ પર જર્મનીની કેન્દ્રીય પોલીસના પ્રવક્તા સ્ટેફન બેયરે જણાવ્યું હતું કે એરપોર્ટની અંદર અને બહાર ફ્લાઇટ્સ સવારે 5 વાગ્યે ફરી શરૂ થઈ હતી. અધિકારીઓ તાત્કાલિક આ રહસ્યમય ડ્રોન માટે કોણ જવાબદાર હતું તે અંગે કોઈ માહિતી આપી શક્યા ન હતા.

શુક્રવારે વહેલી સવારે એરપોર્ટ તરફથી એક નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે 'ઘણા ડ્રોન જોવા મળ્યા છે', જેમાં વિગતવાર માહિતી આપવામાં આવી ન હતી. બેયરે કહ્યું કે કેટલા ડ્રોન હતા તે તાત્કાલિક સ્પષ્ટ નથી. રનવે બંધ થયા પછી, પોલીસે ડ્રોનને શોધવાનો પ્રયાસ કરવા માટે હેલિકોપ્ટર અને અન્ય સાધનો તૈનાત કર્યા, પરંતુ તેમના કોઈ સંકેતો મળી શક્યા ન હતા, એમ બેયરે જણાવ્યું હતું.

# પુટિને ટ્રમ્પના વખાણ કર્યા, સાથે ચેતવણી પણ આપી

**અમેરિકા** જો યુક્રેનને મિસાઇલો આપશે તો યુદ્ધ ભૂમિ પર તો કોઇ ફેર પડશે નહીં પણ રશિયા-અમેરિકાના સંબંધો બગડશે

મોસ્કો, તા. ૩(એપી): રશિયન પ્રમુખ વ્લાદીમીર પુટિને ટ્રમ્પ સાથે અલાસ્કાની શિખર સંમેલનની પ્રશંસા કરી અને પરમાણુ કરારના વિસ્તરણની ઓફરને ફરીથી સમર્થન આપ્યું. તે જ સમયે, પુતિને યુક્રેનમાં શાંતિ વાટાઘાટોમાં મદદ કરવાના યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના પ્રયાસોની પ્રશંસા કરી અને અલાસ્કામાં ઓગસ્ટમાં થયેલી તેમની શિખર સંમેલનને ઉત્પાદક ગણાવી.

તે સારું રહ્યું કે અમે યુક્રેનિયન કટોકટીના સમાધાન માટે શક્ય રસ્તાઓ શોધવાનો પ્રયાસ કર્યો એમ તેમણે ઉમેર્યું કે ટ્રમ્પ સાથે વાત કરવામાં તેમને સાનુકૂળ લાગ્યું. તે સાથે જ તેમણે અમેરિકાને ચેતવણી આપી હતી કે યુક્રેનને લાંબા અંતરની મિસાઈલોનો પુરવઠો રશિયા અને અમેરિકા વચ્ચેના સંબંધોને ગંભીર નુકસાન પહોંચાડશે પરંતુ યુદ્ધના મેદાનમાં પરિસ્થિતિ બદલાશે નહીં, જ્યાં રશિયન સેના ધીમી પરંતુ સ્થિર પ્રગતિ કરી રહી છે. રશિયન નેતાએ નોંધ્યું હતું કે યુક્રેનને પૂરા પાડવામાં આવે તો ટોમાહોક મિસાઈલો રશિયાને નુકસાન પહોંચાડશે, તેમ છતાં રશિયન હવાઈ સંરક્ષણ ઝડપથી નવા ખતરાનો સામનો કરશે. તે ચોક્કસપણે યુદ્ધભૂમિ પર બળ સંતુલનને બદલશે નહીં એમ તેમણે ઉમેર્યું અને ભારપૂર્વક જણાવ્યું કે રશિયન સૈન્ય યુક્રેન સામે સતત લાભ મેળવી રહ્યું છે.

ટ્રમ્પ દ્વારા રશિયાને 3 1/2 વર્ષથી વધુ લડાઈ પછી તેના નાના પાડોશીને હરાવવામાં નિષ્ફળતાને કારણે "કાગળનો વાઘ" ગણાવવામાં આવ્યો તે અંગે પૂછવામાં આવતા, પુતિને દલીલ કરી હતી કે રશિયાએ કિવને ટેકો આપતા તમામ નાટો સાથીઓનો સામનો કરવો પડ્યો છે.

# બિહારમાં વંદે ભારતની અડફેટે આવતા 4નાં મોત

**અમુક** યુવાનો રેલવે ટ્રેક પાર કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે આ દુ:ખદ બનાવ બન્યો

પૂરનિયા, તા. 3 (પીટીઆઈ): બિહારના પૂરનિયા જિલ્લામાં પાટા પાર કરવાનો પ્રયાસ કરતી વખતે વંદે ભારત ટ્રેનની ટક્કરથી ચાર લોકોનાં મોત થયાં હતાં અને એક ઈજાગ્રસ્ત થયો હતો, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

આ ઘટના કટિહાર-જોગબની સેક્શન પર સવારે 4 વાગ્યાની આસપાસ બની હતી, એમ પૂરનિયા જંકશનના સ્ટેશન મેનેજર મુન્ના કુમારે જણાવ્યું હતું.

યુવાનોનું એક જૂથ પાટા પાર કરવાનો પ્રયાસ કરી રહ્યું હતું. અંધારું અને વાદળછાયું વાતાવરણ હોવાથી, તેઓ ઝડપથી આવતી ટ્રેનને જોઈ શક્યા ન હતા, એમ મુન્ના કુમારે જણાવ્યું હતું.

મુખ્યમંત્રી નીતિશ કુમારે મૃત્યુ પર શોક વ્યક્ત કર્યો હતો અને ઈજાગ્સત વ્યક્તિના ઝડપી સ્વસ્થ થવાની પ્રાર્થના કરી હતી.

એક શોક સંદેશમાં, મુખ્યમંત્રીએ શોકગ્રસ્ત પરિવારના સભ્યોને સહારો મળે તે માટે પણ પ્રાર્થના કરી હતી.

સ્ટેશન મેનેજરે જણાવ્યું હતું કે એકમાત્ર બચી ગયેલા વ્યક્તિને સારવાર માટે પૂરનિયા મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. મૃતકો 14-18 વર્ષની વય જૂથના હોવાનું કહેવાય છે અને તેઓ કસ્બા બ્લોકના રહેવાસી હતા.

# ભારત એસ-400 મિસાઈલ સિસ્ટમનો વધારાનો જથ્થો ખરીદી શકે છે

**ઓપરેશન** સિંદૂર દરમિયાન એસ-400 સિસ્ટમોએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી

**ડિસેમ્બરમાં** રશિયા પ્રમુખ વ્લાદિમીર પુતિન ભારતની મુલાકાત દરમિયાન આ મુદ્દે ચર્ચા કરી શકાય છે

નવી દિલ્હી, તા. 3 (પીટીઆઈ): ભારત રશિયા પાસેથી એસ-400 સપાટીથી હવામાં પ્રહાર કરતી મિસાઈલ સિસ્ટમના વધારાનો જથ્થો ખરીદવાનું વિચારી રહ્યું છે કારણ કે ઓપરેશન સિંદૂર દરમિયાન આ શસ્ત્રો ખૂબ જ અસરકારક સાબિત થયા હતા, એમ આ બાબતથી પરિચિત લોકોએ શુક્રવારે જણાવ્યું હતું.

એવું જાણવા મળ્યું છે કે ડિસેમ્બરમાં રશિયા પ્રમુખ વ્લાદિમીર પુતિન ભારતની મુલાકાત લેશે ત્યારે નવી દિલ્હી અને મોસ્કો વચ્ચેની વાટાઘાટોમાં પ્રસ્તાવિત ખરીદીનો મુદ્દો ઉઠાવી શકાય છે.

ઓક્ટોબર 2018માં, ભારતે રશિયા સાથે એસ-400 હવાઈ સંરક્ષણ મિસાઈલ સિસ્ટમના પાંચ યુનિટ ખરીદવા માટે 5 અબજ ડોલરના સોદા પર હસ્તાક્ષર કર્યા હતા, જોકે અમેરિકા દ્વારા ચેતવણી આપવામાં આવી હતી કે આ કરાર સાથે આગળ વધવાથી કાઉન્ટરિંગ અમેરિકાઝ એડવર્સરીઝ થ્રુ સેક્શન્સ એક્ટની (સીએએચીએસએ) જોગવાઈઓ હેઠળ અમેરિકી પ્રતિબંધો લાગી શકે છે.

ત્રણ સ્ક્વોડ્રન પહેલાથી જ ડિલિવર કરવામાં આવ્યા છે.

એક પત્રકાર પરિષદમાં જ્યારે વાયુસેનાના વડા એર ચીફ માર્શલ એપી સિંહને પૂછવામાં આવ્યું કે શું ભારત આ હથિયાર પદ્ધતિના વધારાનો જથ્થો ખરીદવાનું વિચારી રહ્યું છે, ત્યારે તેમણે સીધો જવાબ આપ્યો ન હતો. 'દેખીતી રીતે, તે સારી પદ્ધતિ રહી છે.